R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2012-14. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2012-14 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૬ ● તા. ૫મી નવેમ્બર, ૨૦૧૪ ● અંક નં. ૩૮

# રોજગાર સમાચાર

To,

તંત્રી : ભાગ્યેશ જહા

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી કાર્યવાહક સંપાદક : કે. એ. કરમટા સહસંપાદક : પરિમલ દેસાઇ, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ તથા કોમ્પ્યુટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસોમાં સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણુંક કરી નથી.*

વેબસાઈટ : www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

## સુરત મહાનગરપાલિકા

### વિવિધ સંવર્ગમાં ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૪-૧૧-૨૦૧૪**

સુરત મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ખાલી રહેલ જગ્યાઓ માટે નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં અરજીઓ પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર મંગાવવામાં આવે છે.

(૧) **(૧૧૦) ડેપ્યુટી એકાઉન્ટન્ટ સંખ્યા - ૬ (અ.જ.જા.-૨, સા.શૈ.પ.વ.-૧, બિનઅનામત-૩)**

**લાયકાત :** બેંકીગ અથવા એડવાન્સ એકાઉન્ટીંગ અને ઓડીટીંગના ખાસ વિષયો સાથેના કોમર્સ ગ્રેજ્યુએટ.

**અનુભવ :** કોમર્સ ગ્રેજ્યુએટ થયા બાદ બેંકીગ અથવા એકાઉન્ટ્સ અથવા ઓડીટીંગની સંસ્થામાં ઓછામાં ઓછી બીજી શ્રેણી (સિનિયર કલાર્ક) રૂ. ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ ના પગારધોરણના સવેતન કામગીરીનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ. વિન્ડોઝ ઓપરેટીંગ સીસ્ટમ અને કોઈપણ એક ઓફિસ ઓટોમેશન સ્યુટ (જેવા કે MS-OFFICE, LOTUS, SMARTSUITE, STAR OFFICE etc.)નો એક વર્ષનો અનુભવ. ઈન્ટનેટ દ્વારા ઈમેલ સર્ચ તેમજ બ્રાઉસીંગની જાણકારી વિગેરેના અનુભવીને અગ્રીમતા આપવામાં આવશે.

**વયમર્યાદા :** ઉમેદવારની ઉંમર ૨૫ વર્ષ અને વધુમાં વધુ ૩૫ વર્ષ. અનામત કેટેગરીના જગ્યા માટે રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છૂટછાટ રહેશે. રાજ્ય સરકારશ્રીના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, સચિવાલય ગાંધીનગરના નોટીફિકેશન નં. GS/22/2014/MIS/102014/71595/K તા. ૯-૬-૨૦૧૪ મુજબ ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૧૫૦૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)

(૨) **(૧૧૯) વહીવટી અધિકારી સંખ્યા - ૧ (બિનઅનામત)**

**લાયકાત :** કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક તેમજ બી.એડ. ની પદવી હોવી જરૂરી છે.

**અનુભવ :** માધ્યમિક શાળાના શિક્ષક તરીકેનો દસ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)

(૩) **(૧૭૧) માર્કેટ સુપ્રિન્ટેડન્ટ સંખ્યા - ૧ (બિનઅનામત)**

**લાયકાત :** માન્ય વિદ્યાપીઠના બેચલર ઓફર વેટરનરી સાયન્સ અને એનિમલ હસબન્ડરીની પદવી ધારણ કરનાર.

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)

(૪) **(૧૭૩) જંતુનાશક અધિકારી સંખ્યા-૧ (બિનઅનામત)**

**લાયકાત :** બીએસસી.

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૧૫૦૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)

(૫) **(૧૮૮) ડેપ્યુટી ઈજનેર (ઈલે.) સંખ્યા - ૧ (બિનઅનામત)**

**લાયકાત :** બી.ઈ. ઈલેક્ટ્રીકલ અને / અથવા બી.ઈ. (ઈલેક્ટ્રીકલ અને મિકેનીકલ તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી / કામગીરીનો અનુભવ હોવો જરૂરી / ડિપ્લોમા ઈલેક્ટ્રીકલ અથવા ડીપ્લોમા (ઈલેક્ટ્રીકલ અને મિકેનીકલ તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી ૯ વર્ષની નોકરી / કામગીરીનો અનુભવ હોવો જરૂરી.

**વયમર્યાદા :** ૪૫ વર્ષથી વધુ નહી. રાજ્ય સરકારશ્રીના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, સચિવાલય ગાંધીનગરના નોટીફીકેશન નં. GS/22/2014/MIS/102014/71595/K તા. ૯-૬-૨૦૧૪ મુજબ ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)

(૬) **(૧૭૯) ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (બીજો પ્રયાસ) સંખ્યા - ૨ (સા.શૈ.પ.વ.-૧, બિનઅનામત-૧)**

**લાયકાત : શૈક્ષણિક લાયકાત :** માન્ય વિદ્યાપીઠના કેમેસ્ટ્રી અને ફિઝિક્સ સાથે બી.એસ.સી. અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર દ્વારા ચાલતો ડિવિઝનલ ઓફિસર્સ કોર્ષ પાસ કરેલો હોવો જોઈએ.

**અનુભવ :** ફાયર સેવાને લગતી કેડરમાં કામગીરીનો કુલે ૧૦ વર્ષનો અનુભવ, જે પૈકી ડિવિઝનલ ઓફિસર્સ કોર્ષ પાસ કર્યા બાદ ત્રણ વર્ષનો ઓછામાં ઓછો અનુભવ.

**શારીરિક યોગ્યતા :** ઊંચાઈ - ૧૬૫ સે.મી., વજન : ૫૦ કિલોગ્રામ, છાતી : સામાન્ય ૮૧ સે.મી.- ફુલાવેલી ૮૬ સે.મી.

હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.

**વયમર્યાદા :** વધુમાં વધુ ૪૮ વર્ષ. અનામત કેટેગરીની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે. રાજ્ય સરકારશ્રીના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, સચિવાલય ગાંધીનગરના નોટીફિકેશન નં. GS/22/2014/MIS/102014/71595/K તા. ૯-૬-૨૦૧૪ મુજબ ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)

(૭) **(૧૮૨) ચીફ સીક્યુરીટી ઓફીસર (બીજો પ્રયાસ) સંખ્યા - ૧ (બિનઅનામત)**

**લાયકાત :** ઈન્ડીયન આર્મીના કોઈપણ પાંખના નિવૃત્ત કમિશન્ડ અધિકારી

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)

(૮) **(૨૦૩) આસિ. ઈજનેર (ઈલે.) સંખ્યા - ૫ (બિન અનામત)**

**લાયકાત :** બી.ઈ. ઈલેક્ટ્રીકલ અથવા બી.ઈ. (ઈલે. અને મીકે.)

**વયમર્યાદા :** વધુમાં વધુ ૩૫ વર્ષ. સરકારશ્રીના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, સચિવાલય ગાંધીનગરના નોટીફિકેશન નં. GS/22/2014/MIS/102014/71595/K તા. ૯-૬-૨૦૧૪ મુજબ ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૧૩૫૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)

(૯) **(૧૩૭) રેસીડેન્ટ મેડીકલ ઓફીસર (અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ) સંખ્યા - ૭ (અ.જ.જા.-૧, સા.શૈ.પ.વ.-૨, બિનઅનામત-૪)**

**લાયકાત :** એમ.બી.બી.એસ., ડી.જી.ઓ.

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)ના પગારધોરણમાં ૨ (બે) એડવાન્સ ઈન્ક્રીમેન્ટ વત્તા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ.

અથવા

**લાયકાત :** એમ.ડી.ડી.જી.ઓ/એમ.ડી. (ગાયનેકોલોજી)

**પગાર ધોરણ :** રૂ. ૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે ૫૪૦૦)ના પગારધોરણમાં ૪ (ચાર) એડવાન્સ ઈન્ક્રીમેન્ટ વત્તા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ.

**વયમર્યાદા :** ૩૫ વર્ષથી વધુ નહી. અનામત કેટેગરી માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે. રાજ્ય સરકારશ્રીના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, સચિવાલય ગાંધીનગરના નોટીફિકેશન નં. GS/22/2014/MIS/102014/71595/K તા. ૯-૬-૨૦૧૪ મુજબ ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૧૦) **(૪૪૬) ડિવિઝનલ ઓફીસર (ફાયર) સંખ્યા - ૧ (અ.જ.જા.-૧)**

**શૈક્ષણિક લાયકાત :** સરકાર માન્ય એસ.એસ.સી. અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન (ફિઝિક્સ અને કેમેસ્ટ્રી) ના વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર દ્વારા ચાલતો સ્ટેશન ઓફિસર અને ઈન્સ્ટ્રક્ટર કોર્ષ પાસ કરેલો હોવો જોઈએ.

**અનુભવ :** સ્ટેશન ઓફિસર અને ઈન્સ્ટ્રક્ટર કોર્ષ પાસ કર્યા પછી માન્ય ફાયર સર્વિસ ઓર્ગેનાઈઝેશનમાં ફાયર સેવાને લગતી કેડરમાં કામગીરીનો કુલ-૮ વર્ષનો અનુભવ, જે પૈકી સબ ઓફિસર કે તેની સમકક્ષ જગ્યા ઉપર ઓછામાં ઓછી છ વર્ષની નોકરીનો અનુભવ જરૂરી.

**શારીરિક યોગ્યતા :** ઊંચાઈ-૧૬૫ સે.મી., વજન-૫૦ કિલોગ્રામ., છાતી-સામાન્ય ૮૧ સે.મી. અને ફુલાવેલી ૮૬ સે.મી.

➔

➔ હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ ડ્રાયવીંગ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.

**વયમર્યાદા :** વધુમાં વધુ ૪૫ વર્ષ, અનામત કેટેગરીની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૪૫૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૫૦૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૫૫૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૬૫૦૦-૧૦૫૦૦, (પે બેન્ડ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૬૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૧૧) (૪૬૧) ફાયર ઓફીસર સંખ્યા - ૧૩ (અ.જા.-૧, અ.જ.જા.-૨, સા.શૈ.પ.વ.-૩, બિનઅનામત-૭)**

**લાયકાત :** સરકાર માન્ય એસ.એસ.સી. અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન (ફિઝિક્સ અને કેમેસ્ટ્રી) ના વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર દ્વારા સંચાલિત સબ ઓફિસર્સ કોર્ષ સફળતાપૂર્વક પાસ કરેલો હોવો જોઈએ.

**અનુભવ :** (૧) સબ ઓફિસરનો કોર્ષ પાસ કર્યા પછી સુરત મહાનગરપાલિકામાં ફાયર ખાતામાં સબ ઓફીસર તરીકે ઓછામાં ઓછી ૪ વર્ષની નોકરી કરેલી હોવી જોઈએ. અથવા (૨) સબ ઓફિસરનો કોર્ષ પાસ કર્યા પછી સમકક્ષ જગ્યા / સમકક્ષ પગાર સ્કેલમાં બીજી ફાયર સર્વિસ ઓર્ગેનાઈઝેશનમાં ઓછામાં ઓછી ૪ (ચાર) વર્ષની નોકરી કરેલી હોવી જોઈએ.

**શારીરિક યોગ્યતા :** ઊંચાઈ-૧૬૫ સે.મી., વજન-૫૦ કિલોગ્રામ., છાતી-સામાન્ય ૮૧ સે.મી. અને ફુલાવેલી ૮૬ સે.મી.

હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ ડ્રાયવીંગ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.

**વયમર્યાદા :** ૪૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અનામત કેટેગરીની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૪૦૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૪૫૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૫૦૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૫૫૦૦-૯૦૦૦, (પે બેન્ડ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૧૨) (૫૦૨) કોમ્યુનિટી ઓર્ગેનાઈઝર સંખ્યા - ૧૨ (અ.જા.-૧, અ.જ.જા.-૧, બિનઅનામત-૧૦)**

**લાયકાત :** (અ) ગર્વમેન્ટ ડિપાર્ટમેન્ટ કે લોકલ બોડી અથવા સ્વૈચ્છિક સંસ્થાના સોશીયલ વેલ્ફેર, સોશ્યલ એજ્યુકેશન કે કોમ્યુનિટી ડેવલપમેન્ટના માન્ય પ્રોગ્રામમાં બે વર્ષની સવેતન કામગીરીના અનુભવવાળા સ્નાતક. (બ) અનુસ્નાતક કક્ષાની પદવી જેવી કે એમ.એ. (સમાજશાસ્ત્ર) એમ.એસ.ડબલ્યુ. તથા એમ.આર.એસ. પદવીઓ ધરાવતા ઉમેદવારોને માટે ૨ વર્ષની પગારદારી અનુભવની શરતમાં છુટછાટ આપવામાં આવશે. (ક) સોશ્યલ વર્કની ડિગ્રી અથવા ડિપ્લોમા અથવા ગવર્નમેન્ટ કે ગવર્નમેન્ટના એસીસ્ટન્સથી ઊભી કરવામાં આવેલ સંસ્થાની સોશ્યલ એજ્યુકેશન વર્કની વધારાની લાયકાત ગણાશે.

**વયમર્યાદા :** ૩૦ વર્ષથી વધુ નહીં. અનામત કેટેગરીની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૪૦૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૪૫૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૫૦૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૫૫૦૦-૯૦૦૦, (પે બેન્ડ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૧૩) (૫૬૧) લાયબ્રેરી ટેકનીકલ આસિસ્ટન્ટ સંખ્યા - ૨ (બિનઅનામત-૨)**

**લાયકાત :** (૧) માન્ય યુનિવર્સિટીના કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક (૨) માન્ય યુનિવર્સિટીના લાયબ્રેરી વિજ્ઞાનના સ્નાતક

**અનુભવ :** સરકારી, અર્ધસરકારી, જાહેર પુસ્તકાલયનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.

અથવા

શૈક્ષણિક સંસ્થાના પુસ્તકાલયનો ઓછામાં ઓછો સાત વર્ષનો અનુભવ.

અથવા

(૧) માન્ય યુનિવર્સીટીના કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક.
(૨) સરકારી માન્ય લાયબ્રેરી વિજ્ઞાન સર્ટીફીકેટ કોર્ષ પાસ.

**અનુભવ :** સરકારી, અર્ધસરકારી અથવા મ્યુ. કોર્પો.ના પુસ્તકાલયનો ઓછામાં ઓછો સાત વર્ષનો અનુભવ અથવા શૈક્ષણિક સંસ્થાનો પુસ્તકાલયનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ.

**વયમર્યાદા :** ૩૫ વર્ષથી વધુ નહીં.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૫૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૪૦૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૫૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૫૦૦૦-૮૦૦૦, (પે બેન્ડ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૧૪) (૫૮૬) સબ ઓફીસર (ફાયર) સંખ્યા - ૧૪ (અ.જા.-૧, અ.જ.જા.-૨, સા.શૈ.પ.વ.-૩, બિનઅનામત-૮)**

**શૈક્ષણિક લાયકાત :** સરકાર માન્ય એસ.એસ.સી. અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન (ફિઝિક્સ અને કેમેસ્ટ્રી) ના વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર દ્વારા સંચાલિત સબ ઓફિસર્સ કોર્ષ સફળતાપૂર્વક પાસ કરેલો હોવો જોઈએ.

**શારીરિક યોગ્યતા :** ઊંચાઈ-૧૬૫ સે.મી., વજન-૫૦ કિલોગ્રામ., છાતી-સામાન્ય ૮૧ સે.મી. અને ફુલાવેલી ૮૬ સે.મી.

હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ ડ્રાયવીંગ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.

**અનુભવ :** સબ ઓફિસરનો કોર્ષ પાસ કર્યા પછી અથવા પહેલા ફાયર સેવાને લગતી કેડરમાં કામગીરીનો ત્રણ વર્ષનો અનુભવ.

**વયમર્યાદા :** ૩૫ વર્ષથી વધુ નહીં. અનામત કેડરની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૫૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૪૦૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૫૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૫૫૦૦-૮૦૦૦, (પે બેન્ડ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૧૫) (૬૬૬) ટેકનીકલ આસિસ્ટન્ટ સંખ્યા - ૩૦ (અ.જ.જા.-૬, શા.ખો.ખા.-૪, બિનઅનામત-૨૧)**

**લાયકાત :** આઈ.ટી.આઈ. (સર્વેયર) અગર આઈ.ટી.આઈ. (બિલ્ડીંગ કન્સ્ટ્ર.)

**વયમર્યાદા :** ૨૮ વર્ષથી વધુ નહીં. અનામત કેટેગરીની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૩૫૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૪૦૦૦-૬૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૨૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૧૬) (૬૮૮) એક્વેરીયમ ઈન્સ્પેક્ટર (બીજો પ્રયાસ) સંખ્યા - ૦૨ (બિનઅનામત-૦૨)**

**લાયકાત :** માન્ય વિદ્યાપીઠના ઝુલોજી/એક્વેટીક બાયોલોજી / ફિશરીશ સાયન્સ / મરીન બાયોલોજી / મરીન સાયન્સના અનુસ્નાતક અને તે પાસ કર્યા બાદ સરકારી/અર્ધસરકારી માન્ય પ્રાણી સંગ્રહાલય/એક્વેરીયમની ઓછામાં ઓછી ૩ વર્ષની નોકરી/કામગીરીનો અનુભવ.

અથવા

માન્ય વિદ્યાપીઠના ઝુલોજી/એક્વેટીક બાયોલોજી/ફિશરીશ સાયન્સ / મરીન બાયોલોજી/મરીન સાયન્સના સ્નાતક અને તે પાસ કર્યા બાદ સરકારી/અર્ધસરકારી માન્ય પ્રાણી સંગ્રહાલય / એક્વેરીયમની ઓછામાં ઓછી ૫ વર્ષની નોકરી / કામગીરીનો અનુભવ.

**વયમર્યાદા :** ૪૦ વર્ષથી વધુ નહીં.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૩૫૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૪૦૦૦-૬૦૦૦, (પે બેન્ડ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૧૭) (૬૯૦) ટેકનીકલ આસિસ્ટન્ટ (શાર્ક પુલ) (બીજો પ્રયાસ) સંખ્યા - ૦૧ (બિનઅનામત-૦૧)**

**લાયકાત :** માન્ય વિદ્યાપીઠના ફિશરીશ સાયન્સ / મરીન બાયોલોજી / મરીન સાયન્સના અનુસ્નાતક અને તે પાસ કર્યા બાદ સરકારી/અર્ધસરકારી સંસ્થાનો ઓછામાં ઓછો ૨ વર્ષની કામગીરીનો અનુભવ.

અથવા

માન્ય વિદ્યાપીઠના ફિશરીશ સાયન્સ / મરીન બાયોલોજી/ મરીન સાયન્સના સ્નાતક અને તે પાસ કર્યા બાદ સરકારી/ અર્ધસરકારી સંસ્થાનો ઓછામાં ઓછી ૪ વર્ષની કામગીરીનો અનુભવ.

**વયમર્યાદા :** ૪૦ વર્ષથી વધુ નહીં.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૩૫૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૪૦૦૦-૬૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૨૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૧૮) (૬૯૨) વ્હીકલ સુપરવાઈઝર સંખ્યા - ૦૫ (સા.શૈ.પ.વ.-૧, બિનઅનામત-૦૪)**

**લાયકાત :** ડિપ્લોમા ઓટોમોબાઈલ એન્જિનીયર

**વયમર્યાદા :** ૨૮ વર્ષથી વધુ નહીં. અનામત કેટેગરીના ઉમેદવારોને રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૩૫૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૪૦૦૦-૬૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૨૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

➔

**(૧૯) (૭૧૩) ટેલીફોન ઓપરેટર સંખ્યા - ૧૮ (અ.જા.-૨, અ.જ.જા.-૩, સા.શૈ.પ.વ.-૭, બિનઅનામત-૦૬)**

➔

**લાયકાત :** કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક, મોટી કેપેસીટીવાળા ૨૦ લાઈનના પી.બી.એક્સ બોર્ડના સંચાલનનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ.

**વયમર્યાદા :** ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૦ વર્ષથી વધુ નહીં. અનામત કેટેગરીના ઉમેદવારોને રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૩૫૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૩૦૫૦-૪૫૯૦, (પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૧૯૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

**(૨૦) (૮૩૨) જુનિયર લેડી સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રક્ટર સંખ્યા - ૦૧ (બિનઅનામત-૦૧)**

**લાયકાત :** કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા/નેતાજી સુભાષ ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પોર્ટસ સંચાલિત સ્વીમીંગનો છ અઠવાડિયાનો સર્ટીફીકેટ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. તથા પાંચ વર્ષનો તરણકળાનો અનુભવ તથા પ્રાથમિક સારવાર આપવાની તાલીમ લીધી હોવી જોઈએ અને તે અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. રાજ્યકક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ તરણકળાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તેને પ્રથમ પસંદગી અથવા સુરત મહાનગરપાલિકામાં લાઈફ સેવર / સ્વીમીંગ કોચ તરીકે માનદ્ વેતનથી ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારને અનુભવના આધારે પસંદગી આપવી.

**વયમર્યાદા :** ૩૦ વર્ષથી વધુ નહીં.

**પગાર ધોરણ :** સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા. ૩૦-૪-૨૦૧૨માં જણાવેલ શરતોને આધીન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેક્ટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે. અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ. ૩૦૦૦, દ્વિતીય વર્ષે રૂ. ૩૫૦૦, તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦ પ્રતિમાસ ફીક્સ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૩૦૫૦-૪૫૯૦, (પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૧૯૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણ નિમણુંક આપવામાં આવશે.

સૂચના : ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સુચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે. અધૂરી માહિતીવાળું તેમજ છેકછાકવાળું ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી રજુ કરેલ કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

નોંધ : (૧) ઉપરોક્ત જગ્યાઓ માટે એપાઈન્ટમેન્ટ ઓથોરીટી તથા તેના દ્વારા નિયત કરવામાં આવેલ સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા બેઝીક લાયકાત, રીટર્ન ટેસ્ટ, પ્રેક્ટીકલ ટેસ્ટ તેમજ ઓરલ ટેસ્ટના દેખાવના આધારે જે તે જગ્યાન માપે માપદંડ નક્કી કરાશે તે પ્રમાણે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૨) ઉપરોક્ત જગ્યા માટેના ઉમેદવારોએ એપોઈન્ટમેન્ટ ઓથોરીટી નક્કી કરે તે મુજબની શારીરિક ક્ષમતાની, પ્રેક્ટીકલ, લેખિત, મૌખિક પરીક્ષાઓ માટે એપાઈન્ટમેન્ટ ઓથોરીટી જે જગ્યા સૂચવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે.

(૩) ઉપલી વયમર્યાદા જાહેરાતના પી.આર.ઓ. નંબરની તારીખે ગણતરીમાં લેવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આ વયમર્યાદાના નિયમો લાગુ પડશે નહીં. રાજ્ય સરકારશ્રીના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, સચિવાલય ગાંધીનગરના નોટિફિકેશન નં. GS/22/2014/MIS/102014/71595/K તા. ૯-૬-૨૦૧૪ મુજબ ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૪) ક્રમ નં. ૧ થી ૯ ના ઉમેદવારે CCC+ તેમજ ક્રમ નં. ૧૦ થી ૨૦ ના ઉમેદવારોએ CCC પરીક્ષા માસિક સાધારણ સભા ઠરાવ નં. ૨૬૭/૨૦૦૮ તા. ૨૪-૦૩-૨૦૦૮થી નિયત કર્યા મુજબની સંસ્થા દ્વારા નિમણુંક થયેથી ૧ (એક) વર્ષમાં પાસ કરવાની રહેશે.જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય અથવા સુરત મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તો તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાના રહેશે. (૧) ઉંમરના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડિગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ. (૩) ઉમેદવારોએ જાતિ અંગેના પુરાવા માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર. (૪) ઉમેદવાર સા.શૈ.પ.વ.ના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫નું (તા.૧-૪-૨૦૧૪ના રોજ કે ત્યાર પછી મેળવેલ હોય તેવું) સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે આવું પ્રમાણપત્ર જોડેલ ન હશે તો અનામત અંગેના કોઈપણ લાભ મળવાપાત્ર થશે નહીં. (૫) ઉમેદવાર જો વિકલાંગ હોય તો વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (૬) જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યા માટે માંગેલ અનુભવનું પ્રમાણપત્ર. (૭) રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ/કોમ્પીટન્સી સર્ટીફીકેટ/પરમીટ (જ્યાં જરૂરી હોય ત્યાં) (૮) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ‘ના વાંધા પ્રમાણપત્ર’ રજુ કરવાનું રહેશે. (૯) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો પરવાનગી હુકમની નકલ બીડવી. (૧૦) EPIC કાર્ડની નકલ.

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ દ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે. જ્યારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગત મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગે મેળવવાની રહેશે.

(૭) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૮) માર્કશીટ,ડિગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

(૯) મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી. અથવા ગવર્નમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે, મહિલા ઉમેદવાર પરીણિત હોય પરંતુ મેરેજ સર્ટી, ગવર્નમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરીણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાને પાત્ર રહેશે.

(૧૦) શારીરિક ક્ષમતા, પ્રેક્ટીકલ, લેખિત, મૌખિક પરીક્ષા અંગેના કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારો અલગથી પત્ર દ્વારા જણાવવામાં આવશે.

(૧૧) નીચે દર્શાવેલ કારણોસર ઉમેદવાર (અરજદાર)ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે. (રદ થવાને પાત્ર રહેશે)

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોંટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બંને જગ્યાએ) (૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો સમયગાળો બતાવેલ ન હોય. (૩) શારીરિક ખોડખાંપણ માટે અરજી કરી હોય પરંતુ અરજી સાથે ખોડખાંપણની ટકાવારી અંગેનું સક્ષમ સત્તાનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા ટકાવારી દર્શાવેલી ન હોય અથવા ખોડખાંપણની ટકાવારી ૪૦ ટકાથી ઓછી દર્શાવેલ હોય. (૪) અરજદારે અરજીપત્રકના કોલમ-૧૧ના કેટેગરી પૈકી કોઈપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બંને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC કે GEN/ST બતાવેલ હોય. (૫) જે તે કેડરની જગ્યા નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયત્ન બતાવેલ ન હોય. (૬) અરજદારે અરજીપત્રકના કોલમ નં. ૧૦માં જન્મતારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મતારીખમાં અવાસ્તવિક વર્ષ-માસ-દિવસ બતાવેલ હોય. (૭) અરજદાર પી.આર.ઓ. નંબરની તારીખે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતા ન હોય. (૮) અરજદાર પી.આર.ઓ. નંબરની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC પુરૂષ/મહિલા મહત્તમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય. (૯) શારીરિક ખોડખાંપણની કેટેગરીના ઉમેદવાર ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક ખોડખાંપણની ટકાવારી ધરાવતા હોવા છતાં તેઓને શારીરિક ખોડખાંપણના ઉમેદવાર તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ ઉપલી વયમર્યાદા કરતા વધુ વયમર્યાદા પી.આર.ઓ. નંબરની તારીખે ધરાવતા હોય. (૧૦) માજી સૈનિક તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય. (૧૧) અરજીપત્રકમાં કેટેગરી કોલમ-૧૧(૩) માં સા.શૈ.પ.વ. તરીકે અરજી કરેલ હોય અને બિડાણ કાગળોના કોલમ-૧૧માં ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ ન આપેલ હોય અધૂરી દર્શાવેલ હોય અથવા ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ જાહેરાતમાં જણાવ્યા મુજબ તા. ૧-૪-૧૪ પહેલાનું રજૂ કરેલ હોય તેવી ક્ષતિયુક્ત અને અધુરી અરજી હોય. (૧૨) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય. (૧૩) મહિલા ઉમેદવારે પતિના નામ સાથેની અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી. કે ગવર્નમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય. (૧૪) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય. (૧૫) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી કોઈ પરીક્ષા પાસ કરી હોય અને પરવાનગી હુકમની નકલ સામેલ કરેલ ન હોય.

(૧૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનુ માલુમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે.

ઉપરોક્ત જગ્યાઓ માટેના અરજીના નિયત ફોર્મ મહાનગરપાલિકાના રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાના દિવસો સિવાય સવારના ૧૦-૩૦ થી બપોરે ૨-૩૦ તથા બપોરે ૩-૦૦ થી ૪-૩૦ વાગ્યા સુધીમાં ક્રમ નં. ૧ થી ૯ માટે રૂ. ૫૦/-, ક્રમ નં. ૧૦ થી ૨૦ માટે રૂ. ૨૫/- ની કિંમત મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે ‘કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા’ ના નામનો જ ક્રમ નં. ૧ થી ૯ માટે રૂ. ૫૦/-, ક્રમ નં. ૧૦ થી ૨૦ માટે રૂ. ૨૫/- નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી.ની સાઈઝના પોતાના સરનામાવાળા રૂ. ૫/- ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

**નોંધ :** આ જગ્યાઓ માટે વિના મૂલ્યે નિયત નમુનાના અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકા વેબસાઈટ www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે. ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપૂર્ણ વિગતો ભરી જરૂરી પુરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

**અરજી મોકલવાનું સરનામું :** ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, (મધ્યસ્થ કચેરી)ની ઓફીસ, રૂમ નં. ૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત. ●

## વિશ્વની સૌથી મોટી સંપત્તિ છે : સમય

ચીની ભાષામાં એક કહેવત છે, તેનો અર્થ એવો થાય છે કે જો તમારે કોઈને કામ સોંપવું હોય તો જે વ્યક્તિ ૧૭ કામ કરતી હોય તેને કામ સોંપજો, જેની પાસે બિલકુલ કામ ના હોય તેવી નવરી વ્યક્તિને કામ ના સોંપતા. નવાઈ લાગે તેવી અને કટાક્ષ ભરેલી વાત લાગે આ તો ! તેમાં ભારોભાર સચ્ચાઈ છે. જેની પાસે કરવા માટે સત્તર કામ હશે, તે વ્યક્તિને પોતાના સમયનું મૂલ્ય હશે, તેથી તમે ભરોસો રાખીને પોતાનું કામ તેને સોંપી શકો, જ્યારે જે વ્યક્તિ એકદમ નવરીધૂપ હશે તેના માટે સમય કોઈ વિસાતમાં નહીં હોય. તેથી તેને કામ સોંપવામાં પૂરેપૂરું જોખમ! કદાચ તમારું કામ ના પણ થાય! (મોટાભાગે ના જ થાય)

અમદાવાદ સ્થિત (એનઆઈડી) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓઇ ડિઝાઈનના સ્થાપકો પૈકીના એક એવા સ્વ. દશરથભાઈ પટેલ, કે જેઓ પોતે મોટા સ્થપતિ હતા, તેમની મેં એક મુલાકાત કરી ત્યારે તેમણે કહ્યું હતું કે ભારતના કરોડો યુવાનો પોતાના જીવનના અબજો અમૂલ્ય કલાકો મોબાઈલ ફોન પાછળ વેડફી રહ્યા છે તે ઘણું જ દુઃખદ છે. આજના યુવાનોને પોતાના સમયની કોઈ કીંમત નથી તે ખેદની વાત છે.

આવી લાગણી અનેક લોકોને થાય છે. ભારતના વડાપ્રધાન હમણાં અમેરિકા ગયા ત્યારે અમેરિકાને પ્રભાવિત કરીને આવ્યા. તેમણે અમેરિકામાં વસતા ભારતીયોને સંબોધતાં કહ્યું કે ભારત માટે ગૌરવની વાત છે કે ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. યુવા દેશ હોવું એ ગૌરવની, આનંદની અને સિદ્ધિની વાત છે.. પણ આપણા યુવાનોનો સમય વેડફાતો હોય તો તે સારી વાત નથી.

આ વિશ્વની સૌથી મોટી સંપત્તિ છે સમય. સમય એક એવી જડીબુટ્ટી છે જે તમને બધું જ આપી શકે છે. જો તમે આજે સમયને સાચવો તો આવતી કાલે સમય તમને સાચવી લે છે. સમય અખંડ વહેતો પ્રવાહ છે. એ પ્રવાહમાં વહીને આપણે સફળતા અને સમૃદ્ધિ મેળવવાનાં હોય છે. જિંદગીની પ્રત્યેક ક્ષણનો જે ઉપયોગ કરે છે તે જ મોટાં મોટાં લક્ષ્યાંકો મેળવી શકે છે. ઈતિહાસ બયાન કરે છે કે જેમણે નાની નાની ક્ષણો સાચવી હોય છે તે જ મોટી મોટી સિદ્ધિઓ પામી શક્યા છે. ભગવાને આ પૃથ્વી પર વસતી દરેક વ્યક્તિને દરરોજ કડકડતી નોટ જેવો ૨૪ કલાકનો દિવસ આપે છે. રોજ સુરજ ઉગે છે અને સવાર પડે છે અને દરેકને એક દિવસ મળે છે. દરેકને આવો એક જ સરખો દિવસ મળે છે. કોઈ દેશના વડાપ્રધાન કે રાષ્ટ્રપ્રમુખના ખભા પર વધારે જવાબદારી હોય એટલે તેને ૫૪ કલાકનો, અમિતાભ બચ્ચનને ૪૮ કલાકનો, ધોનીને ૪૨ કલાકનો કે પછી વૈજ્ઞાનિકોને ૩૮ કલાકનો દિવસ નથી મળતો. સમય પાસે બધા સરખા છે. બધાનો ૨૪ કલાકનો દિવસ મળે અને દરેક માટે કલાકની મિનિટો પણ એક સરખી જ હોય! બાળક, કિશોર, યુવાન, વિદ્યાર્થી કે શિક્ષક, આધેડ, પ્રૌઢ, વૃદ્ધ કે જૈફ, સ્ત્રી કે પુરુષ, નોકિરયાત કે વેપારી, મજૂર કે શેઠ.. પ્રત્યેકને નવો નક્કોર, કોરા ચેક જેવો એક દિવસ મળે જ છે. એ દિવસની પ્રત્યેક ક્ષણનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો એ જે તે વ્યક્તિના હાથની વાત છે. આજનો યુવાન પોતાનો અમૂલ્ય સમય વેડફી રહ્યો છે. મોબાઈલ ફોન નામના એક ઉપકરણે તેને કોમામાં નાખી દીધો છે. મોબાઈલ ફોન હવે યુવાનના શરીરનું જ એક અંગ બની ગયું છે. સેલ ફોન વગર આજના યુવાનનો દિવસ ચાલુ જ નથી થતો. સવાર સવારમાં મોબાઈલ ફોનનો 'સેલ' વાગે એ પછી જ કરંટ આવે છે અને યુવાનના દિવસનું એન્જિન ચાલુ થાય છે. મેસેજ, વોટ્સ એપ, ફેસ બુક, ચેટિંગ, કોલ અને મિસ કોલ, ગીતો, અવનવી એપ્સ, વિડિયો અને ઓડિયો ક્લિપ્સ... બસ જાણે કે મોબાઈલ ફોનને ઓપરેટ કરવા માટે જ આજનો યુવાન જન્મ્યો છે. ચાલતાં, હરતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં તે મોબાઈલ ફોનને વળગેલો રહે છે અને પોતાનો સમય બરબાદ કરે છે. (આમાં ઘણા અપવાદ હોય છે, જેઓ મોબાઈલ ફોન સહિતની ટેકનોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ કરે છે.) યુવા મિત્ર, કોઈ પણ ઉપકરણ, યંત્ર કે સાધન ક્યારેય નબળું કે ખરાબ નથી હોતું, આપણે તેનો ઉપયોગ શા માટે, કેવી રીતે અને કેટલો કરીએ તેના પર ઘણો મોટો આધાર હોય છે.

મિત્રો જોડે વાતો કરવાનું સૌને ગમે. એ ખૂબ જ જરૂરી હોય છે. પણ એ વાતો ગામ-ગપાટા, કુથલી અને નિંદા, ફિલ્મો અને ક્રિકેટની લપ્પનછપ્પન જ હોય તો યુવાનના હાથમાં શું આવવાનું ? યુવાનો પંચાત અને ખપ્પત કરવામાં અનેક કલાકો બગાડે તો તેઓ રાષ્ટ્રીય સંપત્તિનો દૂરોપયોગ કરી રહ્યા છે તેમ અચૂક કહેવાય.

હે યુવા મિત્ર, તું તો ઊર્જાનો ગોળો છે. તારે તારા સમયનું ચોક્કસ આયોજન કરવું જોઈએ. વિતેલો સમય ક્યારેય પાછો આવતો નથી. સમયની પ્રત્યેક ક્ષણમાં તારે જીવનરસ માણવાનો છે. તારે તારી કારકિર્દી બનાવવા માટે ઘણું કામ કરવાનું છે. તારા શોખને પોષવા માટે પણ સમય આપવાનો છે. આ અફાટ વિશ્વમાં અનેક નવી નવી બાબતો છે તેના વિશે જાણવાનું અને સમજવાનું છે. સમય એક એવું હથિયાર છે જેનો ઉપયોગ કરીને તારે જીવનના અનેક ઝંઝાવાતોનો સામનો કરવાનો છે. સફળતાની પહેલી શરત છે સમયનો મહત્તમ અને શ્રેષ્ઠ ઉપયોગ. સફળતા સુધી પહોંચવા દરેકે સમયનું આયોજન અને મેનેજમેન્ટ કરવું જ પડે છે. વિતેલા સમય પર આપણો કોઈ અધિકાર નથી હોતો, પણ આવનારી પ્રત્યેક ક્ષણના આપણે માલિક હોઈએ છીએ.

સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય તે માટે વૈજ્ઞાનિક ઢબે ચોકક્સ આયોજન કરી શકાય. કઈ પ્રવૃતિ માટે કેટલો સમય જોઈએ છે તે નક્કી કરીને જે તે પ્રવૃતિને સમય ફાળવવાનો. નિરર્થક અને ઓછી જરૂરી બાબતો માટે વપરાતા સમય બાબતે ખૂબ જ કડક બનવાનું. આ વિશ્વમાં અનેક લોકો એવા જન્મ્યા હોય છે જેમનું મુખ્ય કામ લોકોનો સમય બગાડવાનું હોય છે. તમારી આજુબાજુ પણ આવા સમયચોર લોકો હશે જ! તક મળી નથી કે તેઓ તમારા સમયને બરબાદ કરવા માટે ટપકી પડ્યા નથી!

તેમને તો પોતાના સમયની કોઈ કિંમત હોતી જ નથી, પણ બીજાનો સમય પણ સાવ જ નકામો છે તેવું તેઓ માને છે. આવા લોકોને ખરેખર તો રાષ્ટ્રદ્રોહીઓ જાહેર કરીને તેમના પર કામ ચલાવવું જોઈએ પણ એવો કોઈ કાયદો નથી એટલે આપણા હાથ બંધાયેલા છે. પણ, આપણો સમય એ આપણી બહુમૂલ્ય સંપત્તિ છે અને તેના પર આપણો અબાધિત અધિકાર છે. આપણા સમયને બીજો કોઈ બગાડી જાય તે ના ચલાવી લેવાય. આપણે એવું વાતાવરણ ઊભું કરવાનું કે આપણા સમયને ચોરવા આવનારી વ્યક્તિ ઊભી પૂંછડીએ ભાગે.

શરૂ થતા નવા દર અઠવાડિયે, દર સોમવારે સાત દિવસનું આયોજન કરવાનું. આયોજન કરવા માટે ફાળવેલી પાંચ મિનિટથી તમને કલાકોનો ફાયદો થશે. સપ્તાહના અંતે તાળો મેળવી લેવાનો કે સમયના આયોજન પ્રમાણે જ જીવનની ગાડી ચાલી રહી છે કે નહીં. નાની મોટી ચૂક હોય તો તેને સુધારી લેવાની.

અમારા એક મિત્ર સરસ વાત કરે છેઃ હું દરરોજ સુધરવાનો પ્રયાસ કરું છું કારણ કે ભગવાન આપણને દરરોજ એક નવો દિવસ સુધરવા માટે જ આપે છે !

આપણી જિંદગી સમક્ષ ધરવા માટે, સમયના સર્વોત્તમ ઉપયોગથી બીજી કોઈ શ્રેષ્ઠ ભેટ ના હોઈ શકે!

**તુલસીપત્ર :** હું ખૂબ જ વ્યસ્ત રહું છું તેવું કહેનારા મોટા ભાગના લોકો ખરેખર તો અસ્તવ્યસ્ત હોય છે.

*– રમેશ તન્ના*

## કરન્ટ અફેર્સ

### ❑ ભારતીય હોકી ટીમના કોચ ટેરી વોલ્શનું રાજીનામું

ભારતીય પુરૂષ હોકી ટીમના મુખ્ય કોચ ટેરી વોલ્શે રાજીનામું આપી દીધું. સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સાથે વેતનના મામલે થયેલા વિવાદને પગલે તેમણે પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધું હતું. ૧૯૭૬ની ઓસ્ટ્રેલિયન હોકી ટીમ કે જેણે મોન્ટ્રીયલ (કેનેડા) ખાતે આયોજીત ઓલિમ્પિકમાં રજત ચંદ્રક જીત્યો હતો, તેના સભ્ય રહી ચૂકેલા ટેરી વોલ્શે ત્રણ વખત ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો. ટેરી વોલ્શે માઈકલ નોબ્સના સ્થાને ભારતીય પુરૂષ હોકી ટીમના ચીફ કોચ તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો.

### ❑ બાઈચુંગ ભૂટીયાનો AFC ના હોલ ઓફ ફેમમાં સમાવેશ

ભારતીય રાષ્ટ્રીય ફૂટબોલ ટીમના માજી કેપ્ટન બાઈચુંગ ભૂટીયાનો એશિયન ફૂટબોલ કન્ફેડરેશન (AFC)ના હોલ ઓફ ફેમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બાઈચુંગ ભૂટીયાની સાથે આ સન્માન નવ એશિયન લિજેન્ડરી ખેલાડીઓને પણ આપવામાં આવ્યું છે. આ એવોર્ડનો પ્રથમવાર પ્રારંભ થયો છે. તેમાં સન્માન મેળવનાર ભૂટીયા એકમાત્ર ભારતીય છે.

### ❑ એશિયન દેશો શરૂ કરશે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક

ભારત સહિત એશિયાના અન્ય ૨૦ દેશોએ તાજેતરમાં ચીનના સહયોગવાળી એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) ની સ્થાપના માટેના સંમતિપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. અંદાજે ૧૦૦ બિલીયન યુ.એસ. ડોલરના ભંડોળવાળી આ બેંકનો મુખ્ય ઉદ્દેશ્ય એશિયન ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓના વિકાસ કરવો તથા પશ્ચિમી દેશોના પ્રભુત્વવાળી IMF વર્લ્ડબેંક ઉપરની નિર્ભરતા ઓછી કરવાનો છે. ચીનના વાઈસ ફિનાન્સ મિનિસ્ટર જીન લીકયુન કે જેઓ વર્લ્ડ બેંકના વાઈસ પ્રેસિડન્ટ રહી ચૂક્યા છે, તેઓની IMF ના સેક્રેટરી જનરલ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

### ❑ પ. બંગાળની અશ્વિકા કપૂરે જીત્યો ૨૦૧૪નો પાન્ડા એવોર્ડ

પ.બંગાળની ૨૯ વર્ષીય અશ્વિકા કપૂર કે જે સાયન્સ અને નેચરલ હિસ્ટરી સંબંધી ફિલ્મોનું નિર્માણ કરે છે, તેણે પ્રતિષ્ઠિત પાન્ડા એવોર્ડ જીત્યો છે. કાકાપો જાતિનો પોપટ કે જેનું નામ 'સિરોક્કો' છે. તેના પરની ૧૫ મિનીટની ફિલ્મ 'સિરોક્કો - હાવઅ ડડ બિકમ સ્ટડ' માટે અશ્વિકાની પસંદગી કરવામાં આવી હતી. યુ.કે.ના બ્રિસ્ટલ શહેર ખાતે આયોજીત સમારંભમાં અશ્વિકાને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

### ❑ જમ્મુ-કાશ્મીર અને ઝારખંડ રાજ્યમાં ચૂંટણીઓ જાહેર

ભારતીય ચૂંટણી પંચ દ્વારા જમ્મુ-કાશ્મીર અને ઝારખંડ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓની તારીખ જાહેર કરવામાં આવી છે. ચૂંટણી કાર્યક્રમ અનુસાર બંને રાજ્યોમાં ૨૫મી નવેમ્બર થી ૨૦ મી ડિસેમ્બર-૨૦૧૪ દરમ્યાન પાંચ તબક્કામાં મતદાન યોજાશે. ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ બંને રાજ્યોની મતગણતરી હાથ ધરવામાં આવશે.

### ❑ અમદાવાદ મેટ્રો રેલને કેન્દ્રની મંજુરી

અમદાવાદ મેટ્રો રેલના મહત્વકાંક્ષી પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રિય કેબીનેટે મંજુરીની મહોર લગાવી છે. રૂ. ૧૦૭૭૩ કરોડના અંદાજીત ખર્ચવાળો આ પ્રોજેક્ટ ૩૫.૯૬ કિમી. વિસ્તારને આવરી લેશે. આ પ્રોજેક્ટમાં બે કોરીડોર રહેશે. જેમાં ઉત્તર-દક્ષિણ કોરીડોર કે જે ૧૫.૪૨ કિ.મી. લાંબો રહેશે. તે એપીએમસી-વાસણાથી મોટેરા સ્ટેડિયમ સુધીનો છે. બીજો કોરીડોર પૂર્વ-પશ્ચિમ રહેશે તેની લંબાઈ ૨૦.૫૪ કિ.મી. છે. તે થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધીનો છે.

(અનુસંધાન પાના નંબર ૮ ઉપરનું ચાલુ...)

Technology from Govt. recognized Organization / Institute / Medical College and one year experience in recognized Institute or two years Diploma in Medical Laboratory.

**Desirable : 1.** B. Sc. with Diploma in Medical Laboratory Technology 2. Knowledg **2.** Knowledge of computer application in scientific data management

**Age :** Below 30 Yrs.

**(7) Post :Technician-A**

**No. of Vacancies : Five posts-** (i) One post Unreserved. (ii) Two posts reserved for OBC (iii) One post reserved for SC and (iv) One post reserved for PH-H.H.)

**Pay scale :** PB-1, Rs.5200-20, 200 + GP of Rs. 1900

**Qualifications** : **Essential :**10th or equivalent from a recognized board with one year Certificate in the required discipline from a Govt. recognized Institute or one year laboratory / field / clinical experience of working in a Govt. Laboratory / Govt. recognized Institution.

**Age :**Below 28 Yrs.

**The Appointment will be made on the basis of result of competitive examination and interview**. The posts mentioned above are likely to be increased.

The Departmental candidates possessing the requisite qualifications will be eligible to compete and there will be no age restriction in their case as per ICMR rules.

Age relaxation up to 5 years is allowed for Govt. servants and for SC / ST – 5 years, OBC – 3 years and PH – 10 years in accordance with the orders issued by the Central Govt. from time to time. Crucial date for calculating the maximum age will be last date of receipt of application. Candidates belonging to SC / ST / PH and OBC (Non-Creamy layer) should furnish their certificates in the prescribed format failing which their application will not be considered.

Pay & other allowances are admissible as per ICMR rules. Benefit of new restructured defined contributory Pension Scheme is admissible for new entrants as per provision contained in the Ministry of Finance, Dept. of Economic Affair (ECB && PR Divn.). Notification No. 5/ 7/2003-ECB & PR dated 22.12.2003 effective from 01.01.2004.

Application form may be downloaded from website www.icmr.nic.in. or www.nioh.org or can be obtained from the Director, National Institute of Occupational Health, Meghani Nagar, Ahmedabad 380 016. Application form (hard copy) duly completed in all respects along with a crossed demand draft of Rs. 100/- (Rupees One Hundred only) drawn **in favour of the Director, NIOH, Ahmedabad** payable at SBI Civil Branch, Ahmedabad and attested copies of certificates in support of date of birth, educational qualification, experience, caste verification etc. may be sent to the Director, National Institute of Occupational Health, Meghani Nagar, Ahmedabad 380 016 through **Regd. A.D.** Speed Post Application sent by other mode i.e. Fax/Email will not be accepted. SC/ST/PH and Women candidates are exempted from payment of Rs. 100/-. **ICMR employees are not exempted from the payment.** Candidate who wishes to apply for more than one post should apply separately for each post and pay the fee for each post in the prescribed manner. Candidates working in Central / State Govt. / Public Sector Undertakings / Govt. funded Organizations etc. should submit their applications **THROUGH PROPER CHANNEL**.

**Note:-** Incomplete / late or without demand draft applications will straightaway be rejected. The Director, NIOH, Ahmedabad reserves the right to accept or reject any/all the applications. Since, it is not possible to call all the eligible candidates for test / interview / Personal discussion. Only short-listed candidates will be called for test / interview / Personal discussion. No enquiry or correspondence in this regard will be entertained. Any canvassing by or on behalf of the candidates or to bring political or other outside influence with regard to selection / recruitment shall be a disqualification. No TA/DA will be paid to attend the test / interview / personal discussion. The candidates have to make their own arrangement.

**DIRECTOR-IN-CHARGE**

# વિદેશી ભાષામાં રહેલી કારકિર્દીની તકો : ૨

ગયા અંકમાં આપણે વિદેશી ભાષા શીખવાથી કારકિર્દીના જુદા જુદા ક્ષેત્રોમાં રહેલી રોજગારીની તકો જોઈ હતી. આજે આપણે આ લેખમાં વિવિધ વિદેશી ભાષાઓની ગ્રાઉન્ડ રિયાલીટી ચકાસીને આ વિષયને પૂર્ણવિરામ આપીશું અને ત્યાર બાદ નવા વિષયની ચર્ચા કરીશું પણ તે પહેલા વિવિધ ભાષાઓના ઈન-આઉટ જોઈ લઈએ, તો....

**અંગ્રેજી ભાષા :** અંગ્રેજી ભાષા પ્રથમ કે બીજી ભાષા તરીકે બોલનારાઓની સંખ્યા વિશ્વભરમાં ૧૫૦ કરોડ લોકોની છે, અંગ્રેજી ભાષા બોલનારાઓની સંખ્યા અમેરિકા કરતાં ચીનમાં વધુ છે. ગુગલના ઉપયોગ દ્વારા અંગ્રેજી ભાષામાંથી અને અંગ્રેજી ભાષામાં ભાષાંતર શક્ય હોવા છતાં સારું અને સાચું અંગ્રેજી ભાષાંતર કરવાવાળાઓની અછત છે. સરળ શબ્દોમાં લખાયેલ A4 સાઈઝના પેઈજનું ગુજરાતીમાંથી / માં અંગ્રેજીમાં / માંથી ભાષાંતર કરવાનો રેઈટ પેઈજ દીઠ રૂ. ૪૦ થી શરૂ થાય છે. અંગ્રેજી વિષય ભણવાની વાર્ષિક ફી જેટલી જ ફી બે કે ત્રણ મહિના ઈંગ્લીશ સ્પીકીંગ શીખવાની હોય છે. કમ્પ્યુટરમાં ૮૫% DTP અંગ્રેજી ભાષામાં થાય છે. અંગ્રેજી ભાષાનું જ્ઞાન I.T., આઉટસોર્સીંગ તેમજ કોમ્પિટીટીવ પરીક્ષાઓમાં આવશ્યક જ નહીં, પણ અનિવાર્ય છે.

અંગ્રેજી ભાષામાં કેરિયર બનાવવા માંગતા સ્ટુડન્ટને અંગ્રેજી વ્યાકરણ ખાસ કરીને Tense, વાક્ય રચના તેમજ વિવિધ શબ્દોના જ્ઞાન (Vocabulory) પર ભાર મૂકવો. સ્પેલીંગ યાદ રાખવામાં 'A' ની જગ્યાએ 'E' કે 'E' ની જગ્યાએ 'A' લખવાની મીસ્ટેક ન થાય, તે માટે કેલેન્ડર, ડેવલપ જેવા શબ્દોને નોટમાં 'A' + 'E' અક્ષર કેપીટલમાં લખો. સારા અંગ્રેજી ઉચ્ચાર કરનારાઓને કોલ સેન્ટરમાં તેમજ સારો અવાજ ધરાવનારાઓને રેકોર્ડીંગ તેમજ ડબીંગ સ્ટુડિયોમાં 'વોઈઝ ઓવર' તરીકે કામ મળી શકે. સારું અંગ્રેજી લખી શકનારાઓ માટે અનુવાદકથી શરૂ કરીને લેખક સુધી વાયા દુભાષીયા સુધીની સારી રોજગારીની તકો છે. પ્રુફ રિડરોની પણ ખાસ્સી માંગ છે. સારું અંગ્રેજી જાણનારાઓ GRE- GMAT, TOFEL, IELTS ના કોચીંગ સેન્ટરોમાં ફેકલ્ટી બની લેકચર આપે, તો તેઓની સારી કમાણી મળી શકે છે.

સારું અંગ્રેજી આવડતું હોય તો પણ બ્રિટીશ અંગ્રેજી અને અમેરિકન અંગ્રેજીના શબ્દો અલગ-અલગ છે, તે જાણી લેવું. આપણો ભારત દેશ લાંબા સમય સુધી અંગ્રેજોનો ગુલામ રહ્યો હોવાથી, આપણા અંગ્રેજીમાં બ્રિટીશ અંગ્રેજીની અસર વર્તાય છે, આથી તેને અલગ શીખવાની જરૂર નથી. આમ છતાંયે શુઝ ને બુટ, પબ્લિક સ્કૂલને કાઉન્સિલ સ્કૂલ તેમજ પ્રાઈવેટ સ્કૂલને પબ્લિક સ્કૂલ તરીકે બ્રિટીશ અંગ્રેજીમાં ઓળખવામાં આવે છે, તે ધ્યાનમાં રાખવું. તેમજ અમેરિકન ઈંગ્લીશમાં ફ્લેટને એપાર્ટમેન્ટ, કેમીસ્ટને ડ્રગીસ્ટ, લીફ્ટને એલીવેટર, પેટ્રોલ પંપને ગેસ સ્ટેશન, બિસ્કીટને કુકીઝ, ગુડઝ ટ્રેનને ફ્રેઈટ ટ્રેન, ડસ્ટબીનને ગાર્બેજ કેન તરીકે ઓળખવામાં આવે છે, તે ધ્યાનમાં રાખવું. વળી તેઓ colour ને બદલે color, Favourite ને બદલે Favorite જેવા સ્પેલીંગ કરે છે, તે પણ નોંધવું. હા, કમ્પ્યુટર સિસ્ટમ અમેરિકન ઈંગ્લીશ બેઈઝ્ડ હોઈ બ્રિટીશ ઈંગ્લીશની Vocabulory વાપરવી નહીં.

**ફ્રેન્ચ ભાષા :** વિશ્વના ૩૫ થી વધુ દેશોમાં ફ્રેન્ચ ભાષા બોલાય છે, કે જેમાંના કેટલાક દેશોની તે રાષ્ટ્રભાષા અથવા બીજા નંબરની ભાષા છે. કેટલાંક દેશોમાં તે શિક્ષણની ભાષા કે વહીવટની ભાષા છે. ફ્રેન્ચ ભાષાનું વિશ્વસ્તરનું ઓર્ગેનાઈઝેશન - 'ફ્રેકોફોની'ના ૮૦ થી વધુ દેશો સભ્ય છે. ડિયર સ્ટુડન્ટસને ખાસ જણાવવાનું કે કેનેડા, ક્યુબેકના PR માટે IELTS ઉપરાંત ફ્રેન્ચ ભાષાની DELF પરીક્ષાના A1 અને A2 લેવલ પાસ કરેલા હોવા ઈચ્છનીય છે. ઉપરાંત ફ્રેન્ચ ભાષાનું જ્ઞાન બેલ્જીયમ, લક્ઝમબર્ગ તેમજ સ્વીટ્ઝર્લેન્ડના સ્ટુડન્ટ વીઝા માટે પણ ઉપયોગી બને છે.

**ફ્રેન્ચ ભાષા ક્યાંથી શીખી શકાય ?** (૧) Alliance Francaise, અમદાવાદ, (ફ્રેન્ચ સરકાર દ્વારા સ્થપાયેલ કલ્ચર સેન્ટર) (૨) ગુજરાત વિદ્યાપીઠ (૩) ગુજરાત યુનિવર્સિટી (૪) IIM, CEPT, NIRMA જેવી પ્રિમીયર ઈન્સ્ટિટ્યૂટસ / યુનિવર્સિટી (૫) ખાનગી કોચીંગ ઈન્સ્ટિટ્યૂટસ.

**ફ્રેન્ચ ભાષાના કોચીંગની હાઈલાઈટ્સ :** કુલ ૬ લેવલો $A_1$, $A_2$, $B_1$, $B_2$, $C_1$ અને $C_2$ જેમાં પ્રથમ ચાર લેવલો ૧૫૦ કલાકના અને ચોથુ લેવલ ૨૦૦ કલાકનું. ૫ મા લેવલ બાદ ફ્રેન્ચ ભાષામાં સારું લેખન તેમજ વક્તવ્ય આપવું શક્ય બને છે. છેલ્લા લેવલમાં પ્રેક્ટીકલ ટ્રેનીંગની પ્રેક્ટીસનો સમાવેશ થાય છે. દરેક લેવલની ફી આશરે રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૧૫,૦૦૦ ની છે. ફ્રેન્ચ ભાષાની લીપી રોમન આલ્ફાબેટ એટલે કે અંગ્રેજીની જ હોય છે. તેથી લીપી લખવામાં સરળતા રહે છે, પરંતુ તેમાં સ્વરની ઉપર ચિહ્ન મૂકવામાં આવે છે, અને તેના ઉચ્ચારો પ્રમાણમાં અઘરા છે.

**જર્મન ભાષા :** યુરોપિયન યુનિયનની સૌથી વધુ બોલાતી ભાષાઓમાં જર્મની બીજા ક્રમાંકે છે. જર્મની એ ઈન્ટરનેટ પર સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ભાષાઓમાં ટોપ-૫ માં આવે છે. તેજ પ્રમાણે પુસ્તકો, વેબસાઈટ અને મીડિયામાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ભાષાઓમાં ટોપ-૧૦માં જર્મનીનો સમાવેશ થાય છે. નિકાસ કરતા દેશોમાં જર્મની વિશ્વનું ત્રીજા નંબરનું અર્થતંત્ર ગણાય છે. દર ૪ જર્મન નોકરીઓમાં ૧ (૨૫%) નિકાસ વેપારની હોય છે અને જર્મની દેશની કુલ રાષ્ટ્રીય આવકમાં ૩૩% હિસ્સો નિકાસની કમાણીનો હોય છે.

**જર્મનીનું શિક્ષણ :** સામાન્ય રીતે ફ્રેન્ચ જેવી વિદેશી ભાષા શીખવતી સંસ્થાઓ જર્મન શીખવે છે. કુલ ૬ લેવલના શિક્ષણમાં દરેક લેવલ ૩ થી ૬ માસનો ફુલ ટાઈમ અભ્યાસ માંગી લે છે અને ફી પ્રત્યેક લેવલની આશરે રૂ. ૮,૦૦૦ થી રૂ. ૧૫,૦૦૦. ફ્રેન્ચની જેમ જ જર્મન ઉચ્ચાર કરવા અઘરા હોય છે.

**જર્મન જાણનારાઓ માટે કારકિર્દીના વિકલ્પો :** ઈમ્પોર્ટ - એક્ષ્પોર્ટ માર્કેટ, ડિપ્લોમેટીક સર્વીસીસ, ફેકલ્ટી, કાઉન્સેલર, ટ્રાન્સલેટર (ખાસ કરીને ઈન્ડસ્ટ્રીઝમાં), ઈન્ટરપ્રીટર, ગવર્નમેન્ટ રીસર્ચર, ટુરિસ્ટ ગાઈડ,ઈન્ટરનેશનલ ટ્રેડીંગ માર્કેટ, ફ્રિલાન્સર વગેરે... જર્મનમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરવાવાળાઓને પ્રતિ પેઈજ દીઠ નહીં, પણ પ્રત્યેક શબ્દ દીઠ રૂ. ૧ થી રૂ. ૫ સુધીનું વળતર મળે છે. જર્મનીમાં સંસ્કૃત ભાષાને પણ મહત્વ આપવામાં આવે છે. આથી જર્મની અને સંસ્કૃત ભાષાઓનું જ્ઞાન ધરાવનારાઓ જર્મનીમાં અથવા જર્મનીની મલ્ટીનેશનલ કંપનીઓમાં સારી કમાણી કરી શકે !

**સ્પેનીશ ભાષા :** અમેરિકાની એક NGO ના ૨૦૧૦ના સર્વેક્ષણ મુજબ વિશ્વની સૌથી વધુ બોલાતી ભાષાઓમાં ચાઈનીઝ પ્રથમ ક્રમાંકે, અંગ્રેજી બીજા ક્રમાંકે તેમજ સ્પેનીશ ત્રીજા ક્રમાંકે છે. વિશ્વમાં ૩૫૦ મિલીયન લોકોની નેટીવ લેંગ્વેજ સ્પેનીશ છે. UNO ની ૬ સત્તાવાર ભાષાઓ પૈકીની એક સ્પેનીશ છે. સ્પેનીશ ભાષા ૨૧ દેશોની માતૃભાષા હોવા ઉપરાંત યુરોપીયન યુનિયન અને અમેરિકન સ્ટેટસની સત્તાવાર ભાષા છે. વિશ્વના જુદા-જુદા ૪ ખંડોએ સ્પેનીશ ભાષાનો સત્તાવાર ભાષા તરીકે સ્વીકાર કર્યો છે.

**સ્પેનીશ ભાષાનું શિક્ષણ :** સ્પેનીશને ફોનેટીક લેંગ્વેજ તરીકે ગણવામાં આવે છે. જેમાં અંગ્રેજી ૨૬ મૂળાક્ષર ઉપરાંત ૬ વધારાના અક્ષરનો સમાવેશ થાય છે. સ્પેનીશ ભાષા શીખવાના વિકલ્પોમાં દિલ્હીની ત્રણ યુનિવર્સિટીઓ - દિલ્હી યુનિવર્સિટી, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, જામીયા-મિલીયા-ઈસ્લામીયા યુનિવર્સિટી ઉપરાંત દૂન યુનિવર્સિટી-દહેરાદૂન, ઈંગ્લીશ એન્ડ ફોરેન લેંગ્વેજ યુનિવર્સિટી (FLU) - હૈદરાબાદ તેમજ ગુજરાતના મોટા શહેરોની યુનિવર્સિટીઓ, ઈન્સ્ટિટ્યૂટસ અને ખાનગી કોચીંગ સેન્ટરોનો સમાવશ થાય છે.

**સ્પેનીશ ભાષામાં કારકિર્દીના ઓપ્શન્સ :** આર્કિટેક માટે સૌથી વધુ ઉપયોગી, ઘણીખરી BPO, KPO, LPO માં રોજગારીની તકો, ટૂર ગાઈડ તરીકે પ્રતિદિન રૂ. ૨,૭૫૦ નું લઘુત્તમ વેતન, દુભાષીયાઓને પ્રતિદિન રૂ. ૩,૦૦૦ થી રૂ. ૫,૦૦૦ અનુવાદકને શબ્દદીઠ રૂ. ૩.

**ઈટાલીયન ભાષા :** વિશ્વમાં ૬૩ મિલીયન લોકો ઈટાલીન બોલે છે. ૧૧૫ મિલીયન લોકો માટે તે બીજી ભાષા છે. ઈટાલીયન ભાષા શીખવનાર ફેકલ્ટીઝ પ્રમાણમાં ઓછી પ્રાપ્ય છે. ઈટાલીયન ભાષા શીખવા માટે લાગતો સમય એ સ્ટુડન્ટની મહેનત કરતાં તેનો અંગત રસ ફેકલ્ટીની સ્ટડી ટેકનીક તેમજ પર્યાવરણ ઉપર આધાર રાખે છે. ઈટાલીયન ભાષા મ્યુઝીકલ ભાષા ગણાય છે.

**ઈટાલીયન ભાષાનું શિક્ષણ :** ઈટાલીયન ભાષા શીખવાના સ્ત્રોત ઉપર જણાવેલ સ્પેનીશ ભાષાના જ છે.

**ઈટાલીયન ભાષામાં કારકિર્દીના સ્ત્રોત :** ફેશન તેમજ આર્કિટેકચર ઈન્ડસ્ટ્રીઝમાં કારકિર્દી બનાવવા ઈચ્છુકો એ ઈટાલીયન ભાષા શીખવી જ રહી. ગોગલ્સથી માંડીને એપરલ્સ સુધીની અદ્યતન ડિઝાઈનીંગ તેમજ પેટર્ન જોવા માટે જુઓ ઈટાલીયન વેબસાઈટ્સ BPO (બીઝનેશ પ્રોસેસ આઉટસોર્સીંગ) માં ઈટાલીયન જાણનારાઓના પુરવઠા કરતાં માંગ વધુ છે. વળી સામાન્ય BPO ની જેમ નાઈટ શીફ્ટમાં કામ કરવું પડતું નથી. બપોરના ૨ થી રાત્રીના ૧૧ સુધી કામનો સમય રહે છે. ઉપરાંત ૫ દિવસના અઠવાડિયાનો કોમન લાભ તો ખરો જ. ઈટાલીયન રેસીપી બનાવતી રેસ્ટોરન્ટમાં પણ સારી કારકિર્દીની તક છે. અનુવાદકોને શબ્દ દીઠ રૂ. ૩ થી રૂ. ૫ મળે છે. ટૂર ગાઈડને પ્રતિદિન રૂ. ૨,૭૫૦ જ્યારે દુભાષીયાને ૪ કલાક સુધી રૂ. ૩,૦૦૦ થી રૂ. ૫,૦૦૦.

**રોજગારી T20**

ફિલીપાઈન્સની વસતી ભારત કરતા ૧૪માં ભાગની હોવા છતાં અંગ્રેજીના જ્ઞાનના કારણે સમગ્ર ભારતમાં ૩,૬૦,૦૦૦ લોકો કોલ સેન્ટરમાં રોજગારી મેળવી રહ્યા છે. જ્યારે ફિલીપાઈન્સમાં ૪,૦૦,૦૦૦ થી વધુ. કોરિયામાં ઈંગ્લીશ કોચીંગ ઈન્ડસ્ટ્રીઝ એ રૂ. ૧૨,૦૦૦ કરોડનો આંક પસાર કરી દીધો છે. દક્ષિણ કોરીયન બાળકોની સૌથી મોટી મર્યાદા અંગ્રેજી ઉચ્ચાર R કરવાની છે, તેઓ 'R' ને બદલે 'L' ઉચ્ચાર કરે છે. આ મર્યાદાથી બચવા તેઓ રૂ. ૨૦,૦૦૦ની ફી ચૂકવીને જીભની માયનોર સર્જરી કરાવે છે. ચીનમાં ઈંગ્લીશ કોચીંગ ઈન્ડસ્ટ્રીઝએ રૂ. ૨૦,૦૦૦ કરોડનો આંક પસાર કરી દીધો છે.

**– રાજેન્દ્ર ઉપાધ્યાય**

(૧) ઝૂલણાં છંદમાં સવિશેષ ક્યા કવિએ કાવ્યો લખ્યા છે ?
(૧) નરસિંહ (૨) ભાલણ
(૩) પ્રેમાનંદ (૪) દયારામ

(૨) 'નાળાખ્યાન' ના કર્તા કોણ છે ?
(૧) પ્રેમાનંદ (૨) શામળ
(૩) ગણપતિ (૪) શિવદાસ

(૩) આઝાદ ભારતનું ભાષાના ધોરણે રચિત સૌ પ્રથમ રાજ્ય કયું હતું ?
(૧) મધ્યપ્રદેશ (૨) આંધ્રપ્રદેશ
(૩) ચેન્નઈ (૪) મહારાષ્ટ્ર

(૪) રાજ્ય પુર્નગઠન આયોગની રચના ક્યારે થઈ હતી ?
(૧) ૧૯૫૩ (૨) ૧૯૫૬
(૩) ૧૯૫૨ (૪) ૧૯૪૭

(૫) ઝારખંડને રાજ્યનો દરજજો ક્યા વર્ષમાં મળ્યો ?
(૧) ૨૦૦૧ (૨) ૨૦૦૨
(૩) ૨૦૦૪ (૪) ૨૦૦૦

(૬) ગુજરાતના ક્યા જિલ્લાનું 'રૂમાલનૃત્ય' ખૂબ જ પ્રખ્યાત છે ?
(૧) ભાવનગર (૨) મહેસાણા
(૩) બનાસકાંઠા (૪) ડાંગ

(૭) હાલી નૃત્ય ક્યા જિલ્લાનું છે ?
(૧) સાબરકાંઠા-મહેસાણા (૨) મહેસાણા-બનાસકાંઠા
(૩) સુરત-તાપી (૪) પાલોદરનો મેળો

(૮) બાંધણી, સાડી અને છાપકામ માટે ક્યું સ્થળ જાણીતું છે ?
(૧) જામનગર (૨) જેતપુર
(૩) મહુવા (૪) નડિયાદ

(૯) ઋતંભરા વિશ્વ વિદ્યાલય ક્યા જિલ્લામાં આવેલ છે ?
(૧) તાપી (૨) દાહોદ
(૩) ડાંગ (૪) નર્મદા

(૧૦) સાળંગપુર હનુમાનજીનું પ્રખ્યાત મંદિર ક્યા જિલ્લામાં આવેલ છે ?
(૧) અમદાવાદ (૨) ભાવનગર
(૩) આણંદ (૪) બોટાદ

(૧૧) અહમદપુર - માંડવી ક્યા જિલ્લામાં આવેલ છે ?
(૧) રાજકોટ (૨) ગીર સોમનાથ
(૩) જૂનાગઢ (૪) દાહોદ

(૧૨) ડાયાલિસિસની સારવાર ક્યા દર્દમાં થાય છે ?
(૧) કિડની (૨) મગજ
(૩) યકૃત (૪) આંખ

(૧૩) મેરીનો ક્યા પ્રાણીની ઓલાદ છે ?
(૧) ગાય (૨) બકરી
(૩) ઘેટું (૪) ભેંસ

(૧૪) 'બકુલેસ' ઉપનામ ધરાવતા લેખકનું મૂળનામ જણાવો.
(૧) દેવજી મોઢા (૨) ગોવિંદ રામજી અરજણ
(૩) રામજી કડીયા (૪) દેશળજી પરમાર

(૧૫) કઈ રચના સોનેટ પ્રકારની છે ?
(૧) વધામણી (૨) ભોમિયા વિના
(૩) હંકારી જા (૪) દેવયાની

(૧૬) કોણ મધ્યકાલીન સાહિત્યના સર્જક નથી ?
(૧) દલપતરામ (૨) અખાજી
(૩) દયારામ (૪) રવિસાહેબ

(૧૭) ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરનું મુખપત્ર ક્યું છે ?
(૧) કંકાવટી (૨) એતદ
(૩) શબ્દસૃષ્ટિ (૪) પરબ

(૧૮) 'ક્ષિતિજ' સામાયિકના પહેલા સંપાદક કોણ હતા ?
(૧) સુરેશ જોષી (૨) જયંત પારેખ
(૩) પ્રબોધ ચોકસી (૪) પ્રબોધ પરીખ

(૧૯) ભારતમાંથી પાકિસ્તાન ગયેલા લોકોના નાગરિકત્વ અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં છે ?
(૧) અનુચ્છેદ-૭ (૨) અનુચ્છેદ-૫
(૩) અનુચ્છેદ-૬ (૪) અનુચ્છેદ-૮

(૨૦) ભારત બહાર રહેતી ભારતીય મૂળની વ્યક્તિઓના નાગરિકત્વ અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં છે ?
(૧) અનુચ્છેદ-૭ (૨) અનુચ્છેદ-૫
(૩) અનુચ્છેદ-૬ (૪) અનુચ્છેદ-૮

(૨૧) સંસદને નાગરિકતા અંગેના કાયદા અને નિયંત્રણની સત્તાની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં છે ?
(૧) અનુચ્છેદ-૧૧ (૨) અનુચ્છેદ-૯
(૩) અનુચ્છેદ-૧૦ (૪) અનુચ્છેદ-૮

(૨૨) વાડીઓના જિલ્લા તરીકે ક્યા જિલ્લાની ગણના થાય છે ?
(૧) ભાવનગર (૨) વડોદરા
(૩) ગાંધીનગર (૪) જૂનાગઢ

(૨૩) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના ક્યા વર્ષમાં થઈ હતી ?
(૧) ૨૦૦૮ (૨) ૨૦૦૯
(૩) ૨૦૦૩ (૪) ૧૯૭૪

(૨૪) બાર્ટન લાઈબ્રેરી ક્યા આવેલ છે ?
(૧) જામનગર (૨) રાજકોટ
(૩) ભાવનગર (૪) નડિયાદ

(૨૫) વડાલી ક્યા જિલ્લામાં આવેલ છે ?
(૧) સાબરકાંઠા (૨) વલસાડ
(૩) સુરત (૪) નર્મદા

(૨૬) આસજોલ ક્યા જિલ્લામાં આવેલ છે ?
(૧) અમદાવાદ (૨) સુરેન્દ્રનગર
(૩) મહેસાણા (૪) વડોદરા

(૨૭) નંદીગ્રામ ક્યા જિલ્લામાં આવેલ છે ?
(૧) વલસાડ (૨) ભરૂચ
(૩) રાજકોટ (૪) અમદાવાદ

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**

**મનીષ શાહ**

(૨૮) સોડિયમની સંજ્ઞાની કઈ છે ?
(૧) Na (૨) Cl
(૩) CO (૪) Dl

(૨૯) ઓક્ટોપસને કેટલા હાડકા હોય છે ?
(૧) ૭ (૨) ૦
(૩) ૮ (૪) ૧૦

(૩૦) 'કાહૂટા' ક્યા દેશનું અણુમથક છે ?
(૧) બાંગ્લાદેશ (૨) ઈરાન
(૩) પાકિસ્તાન (૪) ઈરાક

(૩૧) બહુવચન થતી હોય તેવી સંજ્ઞા .... ?
(૧) ખ્યાતિ (૨) બાળક
(૩) મકાન (૪) દેવ

(૩૨) નીચેના રેખાંકિત પદનો કૃદંતપ્રકાર જણાવો ? - 'ફાગણમાં વૃક્ષો પરથી સૂરજને <u>ખરતો</u> જોઉં છું'
(૧) વર્તમાન કૃદંત (૨) ભૂતકૃદંત
(૩) ભવિષ્યકૃદંત (૪) વિદ્યર્થકૃદંત

(૩૩) 'મભનતતગાગા' બંધારણ ક્યા છંદનું છે ?
(૧) શિખરિણી (૨) પૃથ્વી
(૩) હરિણી (૪) મંદાક્રાન્તા

(૩૪) અસ્પૃશ્યતા નાબુદી અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં છે ?
(૧) અનુચ્છેદ-૧૪ (૨) અનુચ્છેદ-૧૫
(૩) અનુચ્છેદ-૧૭ (૪) અનુચ્છેદ-૧૮

(૩૫) જાહેર નોકરીની બાબતમાં તકની સમાનતા અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં છે ?
(૧) અનુચ્છેદ-૧૬ (૨) અનુચ્છેદ-૧૫
(૩) અનુચ્છેદ-૨૬ (૪) અનુચ્છેદ-૩૦

(૩૬) વોટસન મ્યુઝિયમ ક્યાં આવેલ છે ?
(૧) ભાવનગર (૨) રાજકોટ
(૩) વડોદરા (૪) અમદાવાદ

(૩૭) લેડી વિલ્સન મ્યુઝિયમ ક્યાં આવેલ છે ?
(૧) જામનગર (૨) જૂનાગઢ
(૩) ધરમપુર (૪) કપડવંજ

(૩૮) શામળાજીનો મેળો ક્યાં જિલ્લામાં ભરાય છે ?
(૧) સાબરકાંઠા (૨) અરવલ્લી
(૩) સુરેન્દ્રનગર (૪) નર્મદા

(૩૯) બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ઠાકોરોનું ક્યું લોકનૃત્ય ખૂબ જ પ્રખ્યાત છે ?
(૧) મેરનૃત્ય (૨) રાસડા
(૩) મેરાયો (૪) કોળીનૃત્ય

(૪૦) ભવનાથનો મેળો કઈ નદીના કિનારે ભરાય છે ?
(૧) ભોગાવો (૨) માઝમ
(૩) ભાદર (૪) સુવર્ણરેખા

(૪૧) રતાંધળાપણું અટકાવવા દર્દીને ક્યું વિટામીન આપવામાં આવે છે ?
(૧) એ (૨) સી
(૩) બી (૪) ડી

(૪૨) સુબાબુલ ........... છે.
(૧) વૃક્ષ (૨) વાઈરસ
(૩) બેક્ટેરિયા (૪) એકપણ નહિ

(૪૩) હીરાનો એક કેરેટ કેટલા મિલિગ્રામ બરાબર હોય છે ?
(૧) ૧૦૦ (૨) ૨૦૦
(૩) ૩૦૦ (૪) ૨૫૦

(૪૪) 'આગગાડી' નો સમાસ ઓળખાવો ?
(૧) મધ્યમપદલોપી (૨) બહુવ્રીહિ
(૩) દ્વંદ (૪) કર્મધારય

(૪૫) 'ઘર જમાઈ' નો સમાસ ઓળખાવો ?
(૧) તત્પુરૂષ (૨) દ્વિગુ
(૩) મધ્યમપદલોપી (૪) દ્વંદ

(૪૬) 'અષ્ટ નિધિ' ક્યો સમાસ છે ?
(૧) દ્વંદ (૨) બહુવ્રીહિ
(૩) દ્વિગુ (૪) કર્મધારય

(૪૭) ગ્રામ પંચાયતોની સ્થાપના અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં છે ?
(૧) અનુચ્છેદ-૪૦ (૨) અનુચ્છેદ-૪૧
(૩) અનુચ્છેદ-૪૩ (૪) અનુચ્છેદ-૩૮

(૪૮) SC, ST, OBC વગેરેની આર્થિક અને શૈક્ષણિક હિતોની અભિવૃદ્ધિ અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં છે ?
(૧) અનુચ્છેદ-૪૫ (૨) અનુચ્છેદ-૪૭
(૩) અનુચ્છેદ-૪૬ (૪) અનુચ્છેદ-૩૯

(૪૯) રાષ્ટ્રીય મહત્વના સ્મારકો અને સ્થળો અને વસ્તુઓનું રક્ષણ અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં છે ?
(૧) અનુચ્છેદ-૪૯ (૨) અનુચ્છેદ-૫૦
(૩) અનુચ્છેદ-૫૧ (૪) અનુચ્છેદ-૪૮

(૫૦) ભગવાન લકુલીશનું જન્મ સ્થળ ક્યા જિલ્લામાં આવેલ છે ?
(૧) વડોદરા (૨) સુરત
(૩) ભાવનગર (૪) અમદાવાદ

## જવાબ

(૧) ૧ (૨) ૧ (૩) ૨ (૪) ૧ (૫) ૪ (૬) ૨ (૭) ૩ (૮) ૨ (૯) ૩ (૧૦) ૪ (૧૧) ૨ (૧૨) ૧ (૧૩) ૩ (૧૪) ૨ (૧૫) ૧ (૧૬) ૧ (૧૭) ૩ (૧૮) ૩ (૧૯) ૧ (૨૦) ૪ (૨૧) ૧ (૨૨) ૪ (૨૩) ૧ (૨૪) ૩ (૨૫) ૧ (૨૬) ૩ (૨૭) ૧ (૨૮) ૧ (૨૯) ૨ (૩૦) ૩ (૩૧) ૧ (૩૨) ૧ (૩૩) ૪ (૩૪) ૩ (૩૫) ૧ (૩૬) ૨ (૩૭) ૩ (૩૮) ૨ (૩૯) ૩ (૪૦) ૪ (૪૧) ૧ (૪૨) ૧ (૪૩) ૨ (૪૪) ૧ (૪૫) ૩ (૪૬) ૩ (૪૭) ૧ (૪૮) ૩ (૪૯) ૧ (૫૦) ૧

# સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુ. જનજાતિ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની સહાયક અનુદાન મેળવતી માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાજ્યમાં પ્રાથમિક કક્ષાની ગુજરાતી માધ્યમના અભ્યાસક્રમવાળી આશ્રમશાળાઓ ચાલે છે. સદરહું આશ્રમશાળાઓમાં વિદ્યાસહાયકોની નીચે મુજબની અંદાજિત કુલ ૮૬ જગ્યાઓ ભરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ફક્ત મેરીટના ધોરણે જગ્યા ભરવા માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચેની વિગતે જે તે જિલ્લાના આશ્રમશાળા અધિકારીને ફક્ત રજિસ્ટર પોસ્ટ એડીથી તા. **૧૫-૧૧-૨૦૧૪** સુધીમાં મળે તે રીતે નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | આશ્રમશાળા કચેરીનું નામ સરનામુ (તાબા હેઠળના જિલ્લા સહિત) | શાળાની કેટેગરી | વિષય/તાલીમી લાયકાત | કુલ અંદાજિત જગ્યા | અનુ.જાતિ | | અનુ.જન.જાતિ | | સા.શૈ.પ.વ. | | શા.ખોડખાંપણ | | બિનઅનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | જગ્યાની સંખ્યા | મહિલા માટેની અનામત | જગ્યાની સંખ્યા | મહિલા માટેની અનામત | જગ્યાની સંખ્યા | મહિલા માટેની અનામત | જગ્યાની સંખ્યા | મહિલા માટેની અનામત | જગ્યાની સંખ્યા | મહિલા માટેની અનામત |
| ૧ | ગાંધીનગર આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી, બ્લોક નં. ૪૫/૫, છ ટાઈપ, શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૭, ગાંધીનગર (અમદાવાદ, બનાસકાંઠા જુનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, જામનગર અને પાટણ જીલ્લાની આશ્રમશાળાઓ માટે) | પ્રાથમિક | PTC (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહને પ્રાથમિકતા) | ૮ | – | – | – | – | ૩ | ૩ | – | – | ૫ | ૩ |
| | | ઉચ્ચ પ્રાથમિક | ભાષા | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | | ગણિત/વિજ્ઞાન | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ | – |
| ૨ | ખેડબ્રહ્મા, આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી, દેવીનગર સોસાયટી, ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં ખેડબ્રહ્મા જિ.સાબરકાંઠા (સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાની આશ્રમશાળા માટે) | પ્રાથમિક | PTC (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહને પ્રાથમિકતા) | ૬ | – | – | – | – | ૩ | ૧ | – | – | ૩ | ૨ |
| | | ઉચ્ચ પ્રાથમિક | ભાષા | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | | ગણિત/વિજ્ઞાન | ૪ | – | – | – | – | ૨ | ૧ | – | – | ૨ | ૧ |
| ૩ | દાહોદ, આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી, પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરીમાં, પહેલો માળ, દાહોદ (દાહોદ, પંચમહાલ અને મહિસાગર જીલ્લાની આશ્રમશાળા માટે) | પ્રાથમિક | PTC (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહને પ્રાથમિકતા) | ૮ | – | – | ૩ | ૨ | ૫ | ૩ | – | – | – | – |
| | | ઉચ્ચ પ્રાથમિક | અંગ્રેજી | ૪ | – | – | ૧ | ૧ | – | – | – | – | ૩ | ૧ |
| | | | ગણિત/વિજ્ઞાન | | | | | | | | | | | |
| ૪ | રાજપીપળા, આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન, ગ્રાઉન્ડ ફ્લોર, રાજપીપળા, જિ. નર્મદા (નર્મદા, ભરૂચ જીલ્લાની આશ્રમશાળા માટે) | પ્રાથમિક | PTC (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહને પ્રાથમિકતા) | ૧૨ | – | – | ૬ | ૩ | ૫ | ૨ | – | – | ૧ | ૧ |
| | | ઉચ્ચ પ્રાથમિક | અંગ્રેજી | ૨ | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૧ |
| | | | ગણિત/વિજ્ઞાન | ૬ | – | – | ૨ | – | ૨ | – | – | – | ૨ | – |
| ૫ | સુરત, આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી, સી-૫, બહુમાળી ભવન પાસે, ૫મો માળ, સુરત (સુરત જીલ્લાની આશ્રમશાળા માટે) | પ્રાથમિક | PTC (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહને પ્રાથમિકતા) | ૧ | – | – | ૧ | ૧ | – | – | – | – | – | – |
| | | ઉચ્ચ પ્રાથમિક | ભાષા | | | | | | | | | | | |
| | | | ગણિત/વિજ્ઞાન | ૩ | – | – | – | – | ૨ | – | – | – | ૧ | – |
| ૬ | તાપી, આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન, બ્લોક નં. ૪, પાનવાડી વ્યારા જી. તાપી (તાપી જીલ્લાની આશ્રમશાળા માટે) | પ્રાથમિક | PTC (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહને પ્રાથમિકતા) | ૮ | – | – | ૧ | – | ૪ | ૩ | – | – | ૩ | ૨ |
| | | ઉચ્ચ પ્રાથમિક | ભાષા | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | | ગણિત/વિજ્ઞાન | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ | – |
| ૭ | વલસાડ, આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન-૨, ત્રીજો માળ, વલસાડ (વલસાડ-નવસારી અને ડાંગ જીલ્લાની આશ્રમશાળા માટે) | પ્રાથમિક | PTC (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહને પ્રાથમિકતા) | ૯ | – | – | – | – | ૨ | ૨ | – | – | ૭ | ૩ |
| | | ઉચ્ચ પ્રાથમિક | અંગ્રેજી | ૫ | – | – | ૨ | ૨ | – | – | – | – | ૩ | ૩ |
| | | | ગણિત/વિજ્ઞાન | ૬ | – | – | ૧ | ૧ | ૧ | – | – | – | ૪ | ૧ |
| | કુલ | | | ૮૬ | – | – | ૧૭ | ૧૦ | ૩૦ | ૧૬ | – | – | ૩૯ | ૧૮ |

(૧) પ્રાથમિક શિક્ષણના તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયકોની શૈક્ષણિક તથા તાલીમી લાયકાતની વિગતો દર્શાવતો સરકારશ્રીનો આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૩-૬-૨૦૧૪નો ઠરાવ ક્રમાંક અમશ/૧૫૨૦૦૬/૧૨૧૭/૫ તથા અરજીનો નમૂનો કમિશ્નર આદિજાતિ વિકાસની વેબસાઈટ comm-tribal.gujarat.gov.in/government-resolutions પર મુકવામાં આવેલ છે. (૨) ભરતી પ્રક્રિયા સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગના તા. ૩-૬-૨૦૧૪ના ઠરાવની જોગવાઈ તથા સંબંધીત તકેદારી અધિકારીશ્રીઓએ આપેલ 'ના વાંધા પ્રમાણપત્ર' ની શરતોને આધિન રહેશે. (૩) નિમણુંક માટે પાત્ર ઉમેદવારની ઉંમર તા. ૧૫-૧૧-૨૦૧૪ની તારીખે ૧૮ વર્ષથી ૨૮ વર્ષની હોવી જોઈએ. અનુ.જાતિ. અનુ. જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પુરૂષ ઉમેદવારોના કિસ્સામાં પાંચ વર્ષ તથા અનામત વર્ગના મહિલા ઉમેદવારના કિસ્સામાં દસ વર્ષ તેમજ તથા સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે. સરકારશ્રીના વખતોવખત ઠરાવની જોગવાઈને આધિન સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર ૧૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે તથા અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારના કિસ્સામાં ૧૫ વર્ષ તેમજ અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારો માટે ૨૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે. (૪) માજી સૈનિક સિવાયની તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં. (૫) સરકારશ્રીના વખતોવખતના ઠરાવની જોગવાઈ મુજબ માજી સૈનિકોએ ભરતીના લાભ મળવાપાત્ર રહેશે.

**નાયબ કમિશનર, આદિજાતિ વિકાસ, ગાંધીનગર**

## સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુ. જનજાતિ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી અંગેની અરજીનો નમુનો

જે જગ્યા માટે અરજી કરતા હોય તેનું નામ

તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવવો

પ્રતિ,
આદિજાતિ વિકાસ અધિકારીશ્રી,
........... જિ. ..........

૧. ઉમેદવારનું પુરુ નામ : .............................
૨. પત્ર વ્યવહારનું સરનામું :...........................
.............................................
.............................................
૩. જન્મ તારીખ : ....................................
૪. તા. ૧૫-૧૧-૨૦૧૪ના રોજ ઉંમર : ................
૫. જાતિ - પેટા જાતિ : .............................
૬. સ્ત્રી/પુરુષ : .......................................
૭. માતૃભાષા : .......................................
૮. શારીરિક ખોડખાંપણ હોય તો ટકાવારી ................... પ્રકાર .............. (પ્રમાણપત્ર બીડવું)
૯. શૈક્ષણિક લાયકાત

| ક્રમ | પરીક્ષાનું નામ | બોર્ડ સંસ્થાનું નામ | ઉત્તીર્ણ કર્યાનું વર્ષ/માસ | બેઠક નં. | કેટલા પ્રયત્ન | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | એસ.એસ.સી. | | | | | | | |
| ૨. | એચ.એસ.સી. | | | | | | | |
| ૩. | પી.ટી.સી. | | | | | | | |
| ૪. | સ્નાતક | | | | | | | |
| ૫. | અનુસ્નાતક | | | | | | | |
| ૬. | બી.એડ. | | | | | | | |
| ૭. | ઈન્ટિગ્રેટેડ બી.એડ. | | | | | | | |
| ૮. | એમ.એડ | | | | | | | |
| ૯. | ટી.ઈ.ટી. | | | | | | | |

સ્થળ : ઉમેદવારની સહી :
તારીખ : પુરૂ નામ :

બિડાણની યાદી :

**સુચનાઓ :**

૧) ઉપરના નમુનામાં ફક્ત જે તે જિલ્લાના આશ્રમશાળાના અધિકારીશ્રીને કોઈપણ એક જ જગ્યા માટે અરજી કરવાની રહેશે.

૨) નિયત અરજી સાથે શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ વિગેરેના જરૂરી તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો અચુક બિડવાની રહેશે.

૩) અરજીપત્રક કવર ઉપર વિદ્યાસહાયકની ભરતી માટેની અરજી અને છેલ્લી તારીખ ......... લખવાનું રહેશે.

૪) જગ્યાની સંખ્યા, ભરતી પ્રક્રિયા, મહેનતાણું અને નિમણુંકના અબાધિત હક્કો સરકારશ્રીને રહેશે.

***(અરજી ફોર્મનો નમુનો માત્ર નિર્દેશ માટે છે.)***

# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,**

બ્લોક નં. ૧૨, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

## જિલ્લા શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ (ધો. ૧ થી ૫)માં વિદ્યાસહાયકની ભરતી

જિલ્લા શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ (ધો. ૧ થી ૫ - ગુજરાતી માધ્યમ)માં વિદ્યાસહાયકોની જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માંગણીપત્રક મુજબ ૧૦૫૭ જગ્યાઓ નીચે જણાવેલ વિગતે મેરીટ યાદી તૈયાર કરવા માટે શિક્ષણ વિભાગના તા. ૨૭-૪-૨૦૧૧ ઠરાવ તા. ૩-૫-૨૦૧૨ તથા તા. ૧૮-૫-૨૦૧૨ના સુધારા ઠરાવો અન્વયે નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં ઓન-લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારે અરજી તા. ૧-૧૧-૨૦૧૪ થી તા. ૧૪-૧૧-૨૦૧૪ દરમ્યાન આ કચેરીની વેબ સાઈટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઈન કરવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | કુલ ભરવાપાત્ર જગ્યાઓ | જનરલ | અનુ. જાતિ | અનુ.જન જાતિ | સા.શૈ. પછાતવર્ગ | શારીરિક અશક્ત ધરાવતા માટે અનામત |
|---|---|---|---|---|---|---|
| વિસભ-૦૨/૨૦૧૪ પ્રાથમિક વિભાગ (ધો.૧ થી ૫) | ૧૦૫૭ | ૩૬૦ | ૮૧ | ૨૧૩ | ૪૦૩ | ૩૨ |

જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ અને સામાન્ય સૂચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

**અરજી પત્રક ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ :**

૧. વિદ્યાસહાયક ભરતી અંગેનું ઓનલાઈન અરજી પત્રક વેબસાઈટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર ઓનલાઈન તા. ૧-૧૧-૨૦૧૪ સવારના ૧૧.૦૦ કલાકથી તા. ૧૪-૧૧-૨૦૧૪ના રોજ બપોરના ૧૫.૦૦ કલાક સુધી ભરી શકાશે. ઓનલાઈન અરજી ફોર્મ કોઈપણ કમ્પ્યૂટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

૨. TET-1 પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઈપ કરી અને પરીક્ષાની તારીખ પસંદ કરો પછી CONTINUE બટન ઉપર ક્લીક કરો જેથી તમારું TET-1 નું Result દેખાશે. ત્યાર બાદ CONTINUE બટન પર ક્લીક કરતા અરજીપત્રક ખુલશે.

૩. ઓનલાઈન ભરેલું ફોર્મ કમ્પ્યૂટર ઉપર SAVE કર્યા પછી તે માહિતી ઓનલાઈન ચકાસી લેવી. ભરેલા ફોર્મમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો EDIT ની મદદથી ઓનલાઈન સુધારા કરવા. અરજી ફોર્મની PRINT કાઢવા માટે Submit કર્યા પછી PRINT કાઢવી.

૪. સ્વીકાર કેન્દ્ર મારફત Final Submit કરાવતાં પહેલા ફોર્મમાં EDIT ની મદદથી ઓનલાઈન સુધારા કરી શકાશે.

૫. સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઈટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ છે. ઓનલાઈન અરજી પત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશઃ ભરી Submit કરી સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ PRINT કરી લેવું.

૬. અરજીપત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજીપત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી અસલ ગુણપત્રકો / પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી. નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરૂરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજીપત્રક Final Submit કરાવવું. Submit થયા સિવાયનું કોઈપણ અરજીપત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૭. અરજીપત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ મેળવવી અને પસંદગી સમયે પહોંચ અને સબમીટ કરેલ ફોર્મની નકલ અચુક સાથે લાવવી.

૮. વિદ્યાસહાયક તરીકે પસંદગી પામનાર તમામ ઉમેદવારોને રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસ.એલ.પી. નં. ૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ તથા એસ.એલ.પી. નં. ૧૮૧૩૬/૨૦૧૩ના આખરી ચુકાદાને આધીન નિમણુંક આપવામાં આવશે.

૯. અરજીપત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા. ૧-૧૧-૨૦૧૪ થી તા. ૧૪-૧૧-૨૦૧૪ સુધી (રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) રુબરુમાં સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.

૧૦. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, તે રદ થયેલ ગણાશે. આ કચેરીને પણ અરજી પત્રકો મોકલવા નહીં.

૧૧. અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

૧૨. વિદ્યાસહાયકને પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૭૮૦૦/- નું ઉચ્ચક માનદ્ વેતન આપવામાં આવશે. તે સિવાય અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહીં. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ પગાર-ધોરણમાં સમાવવામાં આવશે.

૧૩. તા.૨૩-૦૯-૨૦૧૪ના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/૧૧૨૦૧૪/૬૬૪૭૬૨/કની જોગવાઈ અને શરતો મુજબ જે તે જિલ્લાના નિયત કરેલ તાલુકાઓમાં આ વિદ્યાસહાયક ભરતી કરવામાં આવશે. જે તાલુકામાં નિમણૂક થશે તે જ તાલુકામાં દશ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે.

૧૪. કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત છે. માજી સૈનિકની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિક કેટેગરીમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

૧૫. **વયમર્યાદા:** પ્રાથમિક વિભાગના વિદ્યાસહાયક માટે તા.૧૪-૧૧-૨૦૧૪ના રોજ ઉમેદવારોની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૨૮ વર્ષ કરતા વધુ હોવી જોઈએ નહીં. મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો, મહિલા, શારીરિક રીતે અશક્તતા ધરાવતા તથા માજી સૈનિકો માટે નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહીં.

૧૬. વિદ્યાસહાયક ભરતી અંગેની તમામ માહિતી તથા અન્ય શરતો અને સુચનાઓ વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. તેને ધ્યાને રાખીને અરજી કરવાની રહેશે.

●

## NATIONAL INSTITUTE OF OCCUPATIONAL HEALTH

**(INDIAN COUNCIL OF MEDICAL RESEARCH)**
**MEGHANI NAGAR, AHMEDABAD 380 016.**

**Applications are invited up to 25/11/2014 to fill up the following vacancies at this Institute:-**

(1) **Post : Technical Officer-A (Psychology)**
**No. of Vacancies : One post- Reserved for OBC**
**Pay scale :** PB-2, Rs. 9300-34800 + GP of Rs. 4600
**Qualifications** : **Essential :** Three years Graduate degree with Psychology as a subject with 5 years experience or Three year Graduate degree in relevant Subject with Diploma in required subject from a recognized university/institute with three years experience.
**Desirable :** 1. Master Degree in Psychology with two years research experience. 2. Knowledge of computer application in scientific data management.
**Age :** Below 35 Yrs.

(2) **Post : Technical Assistants (Life Science)**
**No. of Vacancies : One post— (Unreserved)**
**Pay scale :** PB-2-Rs. 9300-34800 + GP Rs. 4200
**Qualifications** : **Essential :** Three years Graduate degree in Life Science with 2 years research experience, or Three years graduate degree in relevant subject with 2 years diploma in Medical Lab Technology from a recognized University / Institute
**Desirable :** 1. Master degree in Life Science with research experience in occupational and environmental health. 2. Knowledge of computer application in scientific data management
**Age :** Below 30 Yrs.

(3) **Post : Technical Assistants (Information Technology)**
**No. of Vacancies : One post- (Unreserved)**
**Pay scale :** PB-2-Rs. 9300-34800 + GP Rs. 4200
**Qualifications** : **Essential :**Three years Graduate degree in Information Technology / Computer Science / Computer Application with two years experience from a recognized University / Institute or Three years graduate degree in Information Technology / Computer Science / Computer Application with two years diploma in Computer Application / Computer Science / Information Technology from a recognized University / Institute
**Desirable :** 1. Master degree in IT / Computer Science / Computer Application. 2. Knowledge of computer application in scientific data management
**Age :** Below 30 Yrs.

(4) **Post : Technical Assistants (Statistics)**
**No. of Vacancies : One post –reserved for SC**
**Pay scale :**PB-2-Rs. 9300-34800 + GP Rs. 4200
**Qualifications** : **Essential :**Three years Graduate degree in Science with Statistics as a subject and two years of research experience from a recognized University / Institute
**Desirable :** 1. M. Sc in Statistics or Bio-statistics. 2. Knowledge of computer Application and Scientific data management
**Age :** Below 30 Yrs.

(5) **Post :Technical Assistants (Chemistry / Bio-chemistry)**
**No. of Vacancies :One post- reserved for OBC**
**Pay scale :** PB-2-Rs. 9300-34800 + GP Rs. 4200
**Qualifications** : **Essential :**Three years graduate degree in Chemistry / Biochemistry with two years research experience. Or Three years graduate degree in relevant subject with 2 years diploma in Medical Lab Technology from a recognized University / Institute
**Desirable :** 1. Post graduate degree in Chemistry / Bio-chemistry 2. Knowledge of computer Application and Scientific data management
**Age :** Below 30 Yrs.

(6) **Post :Technician-C**
**No. of Vacancies : Three posts- (i) One post reserved for OBC-PH-HH) (ii) One post reserved for OBC and (iii) one post reserved for ST**
**Pay scale :** PB-1-Rs. 5200-20200 + GP Rs. 2800
**Qualifications** : **Essential :**10+2 with Science subjects or equivalent from a recognized Board with one year Diploma Certificate in Medical Lab.

(અનુસંધાન પાના નંબર ૫ ઉપર)

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.